# ત્રીજો વાર્ષિક અહેવાલ

## ૨૦૦૧ - ૨૦૦૨


## ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

## ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષ માટે
## ત્રીજો વાર્ષિક અહેવાલ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમમાળ, નેપ્ચ્યુન ટાવર્સ, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૬ અન્વયેની આવશ્યકતા પ્રમાણે વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે, આયોગ ત્રીજો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે. ગુજરાત વીજળી નિયંત્રક આયોગે વર્ષ દરમિયાન કરેલ પ્રવૃતિઓનો સારાંશ.

એમ.ડી. માંકડ
સચિવ
ગુજરાત વીજળી નિયંત્રક આયોગ વતી,

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ
## અમદાવાદ.
## ત્રીજો વાર્ષિક અહેવાલ

૧. **પ્રસ્તાવના :**

ગુજરાત સરકારે એના તા. ૧૨ નવેમ્બર-૧૯૯૮ ના જાહેરનામા અન્વયે ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૧૭ હેઠળ ગુજરાત વીજળી નિયંત્રક આયોગ (ગુ.વી.નિ. આયોગ)ની રચના કરી છે અને ગુ.વી.નિ.આયોગે તા. ૧-૪-૧૯૯૯થી એની કાર્યવાહી શરૂ કરી છે અને આ સાથે ત્રીજા વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના રજુ કર્યા છે.

૨. **આયોગ અને એનું સચિવાલય:**

૨.૧ આયોગ અધ્યક્ષ અને બે સભ્યોનું બનેલું વૈધાનિક મંડળ છે.

વર્ષ ૨૦૦૧-૨૦૦૨ દરમ્યાન આયોગની રચના નીચે પ્રમાણે હતી.

**અધ્યક્ષ :**

૧. શ્રી.બી.એમ.ઓઝા, ઈનચાર્જ અધ્યક્ષ તા. ૧-૪-૨૦૦૧ થી ૩-૭-૨૦૦૧ સુધી
૨. જસ્ટીસ એસ.ડી.દવે તા. ૪-૭-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધી

**સભ્યો :**

૧. શ્રી.બી.એમ.ઓઝા, સભ્ય તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધી
૨. શ્રી.આર.કે.શર્મા, સભ્ય તા. ૧-૪-૨૦૦૧ થી ૩૧-૩-૨૦૦૨ સુધી

તા. ૪-૭-૨૦૦૧ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જસ્ટીસ એસ.ડી.દવેને અધ્યક્ષ તરીકે સોગંદ લેવડાવ્યા હતા.

૨.૨ **આયોગનું સચિવાલય :**

નીચેના અધિકારીઓએ સચિવનો હવાલો સંભાળ્યો હતો.

૧. શ્રી.જી.ડી.વ્યાસ, આઈ.એ.એસ, સચિવ તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૪-૨-૨૦૦૨ સુધી
૨. શ્રી.એમ.ડી.માંકડ, આઈ.એ.એસ, સચિવ તા. ૫-૨-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધી

૨.૨.૧ આયોગના સરળ કામકાજ માટે રાજ્ય સરકારે કુલ ૩૫ જગ્યાઓ મંજુર કરી હતી. આ ૩૫ જગ્યાઓમાંથી આયોગે ચાર કાર્યપાલક(જૂન-૨૦૦૧) અને ચાર નાયબ નિયામક (સપ્ટેમ્બર-ડીસેમ્બર-૨૦૦૧) દરમ્યાન નિયુક્ત કર્યા હતા. એક નાયબ નિયામક, બે કાર્યપાલક અને એક હિસાબી અધિકારીની જગ્યા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવી છે. આમ અધ્યક્ષ અને સભ્યો, સચિવ, અધિકારીઓ અને તાબાના કર્મચારી વર્ગ સહિત આયોગમાં હાલ કામ કરતા કર્મચારીઓની કુલ સંખ્યા ૨૩ છે.

૨.૨.૨ **કચેરી મકાન:**

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગે બહાર પાડેલા એના તા. ૧૫ એપ્રિલ, ૧૯૯૯ના જાહેરનામા અનુસાર, આયોગે કચેરી મકાન તરીકે સેન્ટર પોઈન્ટનો પાંચમો મજલો કબજે રાખ્યો હતો, પરંતુ ઉક્ત મકાન માટે

મકાન ઉપયોગની (બી.યુ.) પરવાનગી અપ્રાપ્યતાને કારણે ઉક્ત મકાન બદલવું પડ્યું હતું. પાછળથી આયોગે કચેરીના કાર્યાલય માટે અમદાવાદનાં આશ્રમરોડ પર આવેલ નેપ્ચ્યુન ટાવરનો પ્રથમ માળનો કબજો લીધો હતો અને તા. ૩૧ ઓગષ્ટ-૨૦૦૧ થી આ મકાનમાં એની કાર્યવાહી શરૂ કરી હતી અને આયોગની સરળ કામગીરી માટે પૂર્વ જરૂરી માળખું વિકસાવવામાં આવેલ છે. જેને રાજ્ય સરકારે મંજૂરી આપેલ છે.

૩. <u>આયોગની કાર્યવાહીઓ :</u>

૩.૧ ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમના પ્રકરણ-૫ થી રાજ્ય આયોગને નીચેની સત્તાઓ અને કાર્યવાહીઓ સોંપવામાં આવી છે.

(૧) પ્રકરણ-૩ ની જોગવાઈઓને આધીન રહીને અધિનિયમની કલમ-૨૨(૧) અન્વયે રાજ્ય આયોગ નીચેની કામગીરીઓ બજાવશે, જેમકે :-

(ક) કલમ-૨૯ માં જોગવાઈ કર્યા પ્રમાણે યથા પ્રસંગ, જથ્થાબંધ, ભાર, ગ્રીડ અથવા છુટક વીજળી માટે વીજ દર નક્કી કરવા.

(ખ) કલમ-૨૯ માં જોગવાઈ કર્યા પ્રમાણે પ્રવાહન સવલતોના ઉપયોગ માટે ચુકવવાપાત્ર વીજ દર નક્કી કરવો.

(ગ) રાજ્યમાં પ્રવાહન, વેચાણ, વિતરણ અને પુરવઠા માટે નિર્માણ કરતી કંપનીઓ, નિર્માણ કરતા મથકો અથવા અન્ય પ્રાપ્તિ સાધનો પાસેથી વીજળી પ્રાપ્ત કરવાના ભાવ સહિત પ્રવાહન ઉપયોગો અને વિતરણ ઉપયોગોની વીજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા વિનિયમિત કરવી.

(ઘ) આ અધિનિયમના ઉદ્દેશો અને હેતુઓ સિધ્ધ કરવા વીજ ઉદ્યોગોની પ્રવૃતિઓમાં સ્પર્ધા, કાર્યક્ષમતા અને અર્થવ્યવસ્થાને ઉત્તેજન આપવું.

૨ વિજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ-૨૨(૨) અન્વયે પ્રકરણ-૩ની જોગવાઈઓને આધીન રહીને પેટા કલમ(૧)ની જોગવાઈઓની વિપરીત અસર સિવાય, રાજ્ય સરકારે તેના તા.૨૦-૧૦-૯૮નાં જાહેરનામા નં. જીએચયુ૯૮-૫૬-ઈઆરસી-૧૨૯૮-જીઓઆઈ-૩૦-૩(કે) અન્વયે સત્તાવાર રાજ્યપત્ર(ગેઝેટ)માં રાજ્ય આયોગને નીચેની કામગીરીઓ સોંપી છે, જેમકે :-

(ક) રાજ્યમાં વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ અને પુરવઠા સંબંધી બાબતોમાં રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ખ) રાજ્યમાં વીજ પધ્ધતિની કામગીરી વિનિયમિત કરવી.

(ગ) વીજળીના પ્રવાહન, જથ્થાબંધ પુરવઠા, વિતરણ અથવા પુરવઠા માટે લાયસન્સ આપવા અને લાયસન્સોમાં સમાવવાની શરતો નક્કી કરવી.

(ઘ) રાજ્યમાં વીજ ઉદ્યોગોમાં રોકાયેલા અધિકૃત અથવા મંજૂરી અપાયેલ અન્ય વ્યક્તિઓ તથા પરવાનેદારોની કામગીરી વિનિયમિત કરવી અને કાર્યક્ષમ, કરકસરભરી રીતે અને સમન્યાય પધ્ધતિએ એમની કામગીરીમાં પ્રોત્સાહન આપવું.

(ચ) વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ, પુરવઠા અને ઉપયોગ, સેવા ગુણવત્તા અને યોગ્ય વીજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા વિચારવા માટે અન્ય સાથે સહકાર સાધીને પરિપ્રેક્ષ્ય આયોજનો અને યોજનાઓ ઘડવા પરવાનેદારોને જરૂરી બનાવવું.

(છ) રાજ્યમાં વીજ ઉદ્યોગ માટે ધોરણો સ્થાપવા તેમજ સેવાની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વસનિયતા સંબંધી ધોરણો સ્થાપવા.

(જ) રાજ્યમાં વીજ ઊદ્યોગમાં ખાનગી ક્ષેત્રના સહયોગ માટે સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન અને તકો પૂરી પાડવી તેમજ ગ્રાહકોને ન્યાયિક વ્યવહાર સુનિશ્ચિત કરવો.

(ઝ) સલામતીના ધોરણો નક્કી કરવા અને પાલન કરાવવું.

(ટ) રાજ્ય વીજ નીતિ ઘડવા રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ઠ) વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ અને ઉપયોગ સંબંધી માહિતી એકત્ર કરવી અને નોંધવી.

(ડ) રાજ્યમાં વીજ ઉપયોગ માટે માંગણી અને ઉપયોગ અંગે માહિતી અને પૂર્વ ધારણા એકત્ર કરવી અને પ્રસિધ્ધ કરવી તથા આવી આંકડાકીય માહિતી એકત્ર કરવા અને પ્રસિધ્ધ કરવા પરવાનેદારો માટે જરૂરી બનાવવું.

(ઢ) રાજ્યમાં વીજ ઉદ્યોગ સંબંધી અને સ્પર્શતી અસક્યામતો, મિલ્કતો અને મિલ્કતના હિત વિનિયમિત કરવું તેમજ જાહેર હિતની સલામતી માટે વીજ ઉદ્યોગમાં પ્રવેશ અને છોડી દેવાની નિયંત્રણ શરતો પણ વિનિયમિત કરવી.

(ત) પરવાનેદારો અને વપરાશકારો વચ્ચે વિવાદ અને મતભેદો પર ન્યાય નિર્ણય આપવો અને લવાદ માટે નિર્ણય કરવો.

(થ) પર્યાવરણલક્ષી નિયંત્રક એજન્સીઓ સાથે સંકલન કરવું અને રાજ્યમાં વીજ ક્ષેત્રના યોગ્ય પર્યાવરણલક્ષી વિનિયમો અને ઉપયોગો માટે નિતિઓ અને કાર્ય પધ્ધતિઓ તૈયાર કરવી અને

(દ) રાજ્ય આયોગને મોકલેલ અન્ય કોઈ બાબત અંગે રાજ્ય સરકારને સહાય અને સલાહ આપવી.

## ૪. રાજ્ય સલાહકાર સમિતિ :-

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગોની આધિનિયમની કલમ-૨૪ ઉર્જા ક્ષેત્રમાં વાણિજિયક, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, શ્રમ, ગ્રાહકો, બિન સરકારી સંગઠનોનાં અને શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓનાં હિત રજુ કરવા ૨૧ કરતા વધુ નહિ તેવા સભ્યોની રાજ્ય સલાહકાર સમિતિ સ્થાપવા આયોગને સત્તા આપે છે. આ સંદર્ભે આયોગે સપ્ટેમ્બર-૧૯૯૯ માં સલાહકારી સમિતિની રચના કરી છે. ઉક્ત સલાહકાર સમિતીની મુદત તા. ૫ મી માર્ચ-૨૦૦૨ના જાહેરનામા નં. જીઈઆરસી/એસઈસી/૨૦૦૦ અન્વયે તા. ૩૧-૧૦-૨૦૦૨ સુધીના સમય માટે વધારવામાં આવી છે.

સલાહકાર સમિતિના ઉદ્દેશો નીચેની બાબતો અંગે આયોગને સલાહ આપવાની છે.

(૧) નીતિ વિષયક મોટા પ્રશ્નો
(૨) પરવાનેદારો દ્વારા આપવામાં આવતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને મર્યાદા સંબંધી બાબત
(૩) લાયસન્સદારોના લાયસન્સની શરતો અને જરૂરિયાતાનું પાલન
(૪) ગ્રાહક હિત સુરક્ષા અને
(૫) ઉર્જા પુરવઠો અને ઉપયોગો દ્વારા કામગીરીનાં એકંદર ધોરણો

## ૫. <u>વર્ષ દરમ્યાન પ્રવૃતિઓ :</u>

૫.૧ વીજ ક્ષેત્રમાં બદલાતા વલણ સાથે તાલમેળ રાખવા અને વીજ ક્ષેત્રમાં વિકાસ સાથે આયોગના કર્મચારીઓને સંપર્કમાં રાખવા, નેક્સન્ટ ઈન્કો એનર્જી કન્ઝવેશન એન્ડ કોમર્શીઆલાઈઝેશન, મુંબઈ, ધ સેન્ટ્રલ પાવર રિચર્સ ઈન્સ્ટિટ્યૂટ, બેંગ્લોર , અને ધ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર, ન્યુ દિલ્હી, ટેરી, ન્યુ દિલ્હી વિગેરે જેવી સંસ્થાઓ/સંગઠનોનાં વિવિધ ઉર્જા ક્ષેત્ર સંબંધિત તાલીમ કાર્યક્રમોમાં કર્મચારીઓને નિયમિત મોકલવામાં આવ્યા હતાં.

૫.૨ સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લી. પાસેથી મળેલ ટેરીફ અરજી પર આયોગે તા. ૧લી ડીસેમ્બર-૨૦૦૧ના રોજ એના હુકમથી એમને ચુકાદો આપ્યો હતો. ઓક્ટોબર-૨૦૦૨માં અમ દાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની લી. ની મળેલી ટેરીફ અરજી નિર્ણય માટે આયોગે હાથ ધરી હતી. “ટેરીફના નિર્ણયો” સદર હેઠળ અનુગામી ફકરામાં આ બે ટેરીફ અરજીઓની વિગતો આપવામાં આવી છે.

## ૬. ટેરીફનો નિર્ણય

૬.૧ સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીની ટેરીફ અરજી

૬.૧.૧ ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કમલ-૧૭(૧) અન્વયે આયોગની રચના કરવામાં આવી છે. ઉક્ત અધિનિયમની કલમ-૨૨ મુજબ આયોગની વિગતો અને કાર્યવાહીઓ છે અને અધિનિયમની કલમ-૨૯ અમુક સિધ્ધાંતો પ્રમાણે ટેરીફનો નિર્ણય કરે છે જે ટેરીફનો નિર્ણય કરતી વખતે આયોગે અનુસરવાના હોય છે. આ સિધ્ધાંતો અધિનિયમની કલમ-૨૯(૨)માં સવિસ્તાર વર્ણન કરેલ છે.

૬.૧.૨ સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીએ ૧૪મી જૂન-૨૦૦૨ના રોજ તેની અરજી રજુ કરી હતી. સુરત ઈલેક્ટ્રીસીટી કંપની ૧૯૧૦ના ભારતીય વીજળી અધિનિયમની કલમ-૨૮ અન્વયે મંજૂર કરેલ ધારક છે. કુલ મ્યુનિસિપલ વિસ્તારના ૧૧૨ ચો.કી.મીની તુલનામાં વિતરણનો વિસ્તાર પર ચો.કી.મી છે. કંપની જીઈબી પાસેથી વીજળી ખરીદે છે. ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ-૨૯ અનુસાર મંજુર કરેલ ધારકની ટેરીફ નક્કી કરવાની છે.

૬.૧.૩ અરજીની ચકાસણી પછી આયોગે જાહેર જનતા પાસેથી જાહેર નોટીસ મારફત વાંધાઓ અને સૂચનો મંગાવ્યા હતા. સમાચારપત્રોમાં આવેલી જાહેર નોટીસનાં પ્રતિભાવમાં આયોગે ૮૦ ગ્રાહકો અને ગ્રાહક સંગઠનો પાસેથી વાંધાઓ અને સુચનો સ્વીકાર્યા હતા, આયોગે કાળજીપૂર્વક તમામ વાંધાઓ અને સુચનો વિચાર્યા અને તમામ ૮૦ ગ્રાહકો અને ગ્રાહક સંગઠનોની ખુલ્લી અદાલતમાં સુનાવણી કરી હતી અને તમામ જૂથોની સુનાવણી પછી પારદર્શક પ્રક્રિયા મારફત વિવિધ ગ્રાહકોની કક્ષાઓને લાગુ કરવાપાત્ર ટેરીફ માળખું સરળ બનાવતો અને ટેરીફ નક્કી કરતો આયોગે તા. ૧લી ડીસેમ્બર-૨૦૦૧ના રોજ સુરત ઈલેક્ટ્રીસીટી કંપની સંદર્ભે એવોર્ડ જાહેર કર્યો.

૬.૨ અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપનીએ કરેલી ટેરીફ અરજી

૬.૨.૧ અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપનીએ ૧૮ મી ડીસેમ્બર-૨૦૦૦ ના રોજ ટેરીફની સુધારણા માટે તેની દરખાસ્ત રજુ કરી હતી. આયોગે-૨૦૦૧ માં વિવિધ સુનાવણીઓ હાથ ધરી હતી. સેવાની ગુણવત્તા તેમજ પુરવઠાની પરિસ્થિતિ અને ટેરીફ વિષે વિવિધ ગ્રાહક જુથોના દ્રષ્ટિબિંદુ મેળવવા માટે કુલ ૬૧ વાંધા/સુચનો સ્વીકારાયા હતા. ૨૦૦૧-૨૦૦૨ના નાણાંકીય વર્ષ દરમ્યાન અરજી વિચારણામાં હતી. અધ્યક્ષની જગ્યા ખાલી

હતી અને કોરમની ટેકનીકલ સમસ્યા હતી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ આ અંગે અરજી કરી હોઈ ૨૦૦૧-૦૨ના નાણાંકીય વર્ષનાં અંતે ટેરીફ બાબતની અરજીનો નિકાલ બાકી રહ્યો હતો.

## ૭. <u>આયોગે આપેલ અન્ય હુકમો</u>

૭.૧ ઉપરની બાબતો સિવાય આયોગે ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ દરમ્યાન નીચેના અગત્યના હુકમો પણ કર્યા હતા.

(૧) ગુજરાત રાજ્યમાં ધરતીકંપની અસરવાળા વિસ્તારોમાં ન્યૂનતમ ચાર્જ વસૂલ કરવા અંગે
(૨) કૃષિ ક્ષેત્રે સરકાર દ્વારા સબસીડી આપવા અંગે
(૩) જીઈબી અને રાષ્ટ્રીય થર્મલ પાવર કો. વચ્ચેની વિજ ખરીદ કરારની માન્યતા અંગે
(૪) ઈન્ડકશન(પ્રેરણ) ભઠ્ઠી વાપરતા ઉદ્યોગોને ટેરીફ દર એચટીપી. ૪ લાગુ કરવા પાત્રતા.
(૫) મેસર્સ. મરડીયા કેમિકલ્સનો વીજ પુરવઠો બંધ કરવા અંગે
(૬) તા. ૨૭-૧૧-૨૦૦૦ના રોજ આયોગે આપેલ એચટીપી-૪ હુકમોનું પાલન ન કરવા માટે. .

## ૮. <u>આયોગની વેબસાઈટ</u>

આયોગે તેની વેબસાઈટ સુધારી છે અને આયોગની કચેરીમાંથી તેની જાળવણી શરૂ કરી છે. આ વેબસાઈટ પર સંસ્થાની વિગતો, વિનીયમો, આયોગ દ્વારા કરવામાં આવેલ માળખાની વિગતો, હુકમો તથા સુનાવણીની અનુસુચિ, અહેવાલો વિશે વિગતો તેમજ વીજેં ક્ષેત્રેની યુટીલીટીઝ મુજબ અન્ય રાજ્યના નિયંત્રક આયોગો અને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની વિવિધ વેબસાઈટોની કડી આપેલ છે. આયોગની વેબસાઈઠ <u>www.gercin.org</u> છે.